સંદેશ, પાના નં. ૦૨ તા. ૨૭-૦૨-૨૦૨૪

# અમદાવાદ-ગાંધીનગર રૂટ પર મેટ્રોનું કામ પુરજોશમાં



અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આવેલી નર્મદા કેનાલ પર મેટ્રો માટેના બ્રિજની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. અમદાવાદ ગાંધીનગર વચ્ચે નર્મદા કેનાલ પર મેટ્રો દોડાવવા માટે કેબલ બ્રિજ તૈયાર થઈ રહ્યો છે. કેબલ બ્રિજની કામગીરીનો આકાશી નજારો જોતા લાગે છે કે, આ અમદાવાદનો નહીં પણ વિદેશનો કોઈ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. મેટ્રો માટે અમદાવાદ અને ગાંધીનગરને જોડતી નર્મદા કેનાલ પર બ્રિજનું કામ આખરી તબક્કામાં પહોંચ્યું છે. એટલે એમ કહી શકાય કે, હવે ટૂંક સમયમાં આ રૂટ પર મેટ્રો દોડતી જોવા મળી શકે છે.